# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN OVARALL

રાજ્યમાં ફરી એકવાર દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. આજે સવારથી નવસારીના ગણદેવીમાં સૌથી વધુ પોણા છ ઇંચ વરસાદ નોંધાયો છે. નવસારીમાં 43 મીમી, જલાલપોરમાં 24, ચીખલીમાં 65, વાંસદામાં 50 અને ખેરગામમાં 78 મીમી વરસાદ નોંધાયો હતો. આજે સવારથી 12 વાગ્યા સુધીમાં રાજ્યના 48 તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.

વલસાડ જિલ્લામાં આજે વહેલી સવારથી જ તોફાની વરસાદ વરસ્યો હતો.. વલસાડ તાલુકામાં જ ચાર ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જેના પગલે શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અમારા વલસાડના પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે કે આ વરસાદને કારણે વલસાડની પાર નદીના કોઝવે ઉપરથી પસાર થતા 70 વર્ષીય વૃદ્ધનો પગ સ્લીપ થતાં પાણીમાં ડૂબવાથી મોત થયું હતું. બીજી તરફ વલસાડ જિલ્લા કલેક્ટરે એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને જિલ્લાના દરિયા કિનારે ભરતીના સમયે અને ચોમાસા દરમ્યાન નદી, કોઝવે, ચેકડેમ ઉપર વહેતા પાણીમાં ન જવા સૂચના આપી હતી.

ડાંગમાં ૨૪ કલાકમાં ૪૯.૬૭ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે મોસમનો સરેરાશ વરસાદ ૪૫૦.૬૭ મી.મી નોંધાયો છે. વઘઇમાં 56 મી.મી, સુબીરમાં ૪૭ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 28 ટકા વરસાદ વરસ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Pradhan Mantri Kisan Samman Nidhi

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના હેઠળ બેંક ખાતાને આધારકાર્ડ નંબર સાથે લિંક કરાવવું ફરજીયાત છે. ગુજરાતના જે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૧૮માં હપ્તાનો લાભ મેળવવાનો બાકી હોય તેવા લાભાર્થીઓએ આગામી ૩૦ જુલાઈ સુધીમાં બેંક ખાતા સાથે આધારકાર્ડ લીંક કરાવવું ફરજીયાત છે. જે ખેડૂત લાભાર્થીઓએ બેંક ખાતામાં આધારકાર્ડ લિંક કરાવ્યું નહી હોય તેમનો ૧૮મો હપ્તો જમા થશે નહીં તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

ખેડૂત લાભાર્થીઓએ બેંક ખાતામાં ડાયરેક્ટ બેનેફીટ ટ્રાન્સફર એટલે ડીબીટી એનેબલ કરવા માટેનું ફોર્મ ભરી, ત્યારબાદ બાંહેધરી આપી ડીબીટી એનેબલ ફરજીયાત કરવાનું રહેશે. આ પ્રક્રિયા સિવાય લાભાર્થી ગામની અથવા નજીકની પોસ્ટ ઓફીસ ખાતે આધાર કાર્ડ સાથે ઉપસ્થિત રહી ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં આધાર સીડીંગ-ડીબીટી એનેબલ સાથેનું નવું ખાતુ ખોલાવશે, તો પણ તેમનો ૧૮મો હપ્તો જમા થઈ જશે.

----------------------

# RAJKOT AIRPORT

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઓક્ટોબર મહિનામાં વિદેશી વીમાની સેવા શરૂ કરવામાં આવશે. આ અંગેની સત્તાવાર જાહેરાત

રાજકોટ એરપોર્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવી છે. જે મુજબ સંભવત: 15 મી ઓગસ્ટ થી મુસાફરો માટે, હાલ નિર્માણ આધીન ટર્મિનલ શરૂ થઈ જશે આ ટર્મિનલમાં ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એમ બંને ફ્લાઈટના મુસાફરો માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ સાથે જ રાજકોટનું વિશ્વના અન્ય દેશો સાથે હવાઈ માર્ગે જોડાણ શરૂ થશે.

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટેના ટર્મિનલનું બાંધકામ હજુ ચાલી રહ્યું હોવાથી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા હજુ સુધી શરૂ થઈ શકી નથી. જે પૂર્ણ થતા જ સેવાઓ શરૂ કરવામાં આવશે.

.................

## MAHISAGAR - RCC ROAD

મહિસાગર જિલ્લાના લુણાવાડામાં આદર્શ સ્કૂલ પાસે અંદાજિત 7 લાખ રૂપિયાનાં ખર્ચે બનેલો આરસીસી રોડ માત્ર આઠ દિવસમાં વરસાદને કારણે ધોવાઈ જતાં નગરપાલિકાએ રોડ બનાવનાર સુરતની કંપની દ્વારકાધીશ કન્સ્ટ્રક્શનને નવો રોડ બનાવવા નોટિસ આપી છે. રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ માટે 15મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી લુણાવાડા નગરપાલિકાને ભંડોળની ફાળવણી કરી હતી. જો કે, કંપનીએ નબળી ગુણવત્તાનો રોડ બનાવતા લુણાવાડા નગરપાલિકા ચીફ ઓફિસરે નવેસરથી રોડ બનાવવા આદેશ આપ્યો છે.

------------------

## TAPI PRAGATYA DIVAS

લોકમાતા તાપી નદીનો આજે  પ્રાગટ્ય દિવસ છે, આ દિનને વધાવવા  માટે વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં ઉકાઇ ડેમ ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો.. સૂર્યપુત્રી તાપી નદીની આજના દિને વિશેષ પૂજા કરી ઉજવણી કરાઇ હતી, આ વર્ષે દક્ષિણ ગુજરાતના જીવા દોરી સમાન ઉકાઈ ડેમ સંપૂર્ણ ભરાઇ જાય તેવી પ્રાર્થના કરાઇ હતી..

(બાઈટ-મુકેશ પટેલ, મંત્રી, વન અને પર્યાવરણ)

-----------------